તંત્રી, માલિક, પ્રકાશક : ભરતભાઈ આર. પટેલ મુદ્રક : પ્રવિણભાઈ કે. પટેલ, શિવ ઓફસેટ, પાર્થ કોમ્પલેક્ષ, વિજાપુર, જી. મહેસાણા ખાતે છપાવી મુ.પો. માઢી, તા. વિજાપુર, જી. મહેસાણા થી પ્રસિધ્ધ કર્યું.

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને
સમર્પિત માસિક મુખપત્ર

# વિકલાંગ મિત્ર

માસિક
તંત્રી : ભરતભાઈ આર. પટેલ

● વર્ષ : ૬ ● અંક : ૨-૩ ● ઓક્ટો-નવે - ૨૦૦૯ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/-

## દિપોત્સવી અંક




સર્વે વાંચકો, શુભેચ્છકો, વિજ્ઞાપન દાતાઓને

**નૂતન વર્ષાભિનંદન સહ પ્રણામ**

*નવા વર્ષે પણ આપનો એ જ*
*પ્રેમ, હૂંફ, સહયોગ આપવા વિનંતી છે.*

**- તંત્રીશ્રી**

www.transpek.com
WEBSITE
inquiry@transpek.com
EMAIL

Manufacturers & Exporters of
Industrial Chemicals & Speciality Chemicals catering to

**Agro Chemicals, Pharmaceuticals, Dyes & Polymers.**

Quality Chemicals for



+91 265 2335444
PHONE
+91 265 2335758
FAX

Transpek
creative Chemistry

Reg. Office:
6th Floor, Marble Arch,
Race Course Circle,
Vadodara - 390 007. Gujarat (India)

©Transpek Industry Limited

## PRASHANT GROUP OF INDUSTRIES

### Textile Machinery Division

**PRASHANT GAMATEX PVT. LTD.**
Under Technical Collaboration with
"GAMATEX" s.r.l. ITALY for
High Speed Sectional Warping Machines & Creels

**PRASHANT WEST POINT MACHINERY PVT. LTD.**
Joint Venture with
"West Point Foundry and Machine Company, USA for
Sizing Machines and Denim Preparation Equipments

**PRASHANT ANETEX**
Motorized and Manual Warp Beam Handling System
and Computerized Vertical Beam Storage System

**PRASHANT TEXMACH PVT. LTD.**
Technical Collaboration with "Aska" Engineering Co. Ltd., JAPAN for
Complete Narrow Fabric Machinery and New Generation
Pizzo Technology Electronic Jacquard Systems for Needle Loom

### Plastic Machinery Division

**PRASAD KOCH-TECHNIK PVT. LTD.**
Joint Venture with
Werner Koch Machinentechnik GmbH-Germany for
manufacturing Plastic Auxiliary Equipments

**PRASAD GWK COOLTECH PVT. LTD.**
Joint Venture with
Gesellschaft Warme Kaltetetchnik mbH-Germany for
manufacturing Industrial Chillers

Technical Collaboration with
Rapid Granulator AB, Sweden for Granulators

**PRASAD WEMO ROBOT SYSTEM PVT. LTD.**
Joint Venture with Wemo Automation AB - SWEDEN for
Servo Robot System and Automation in injection Moulding

Technical Collaboration with Crizaf S.p.A. - ITALY for
Conveyor Belts and Part Handling System

Technical Collaboration with Ariostea - ITALY for
Bulk Material Handling and Powder Conveying

### Pump Division

**PPI PUMPS PVT. LTD. | PPI SYSTEMS**
ISO 9001:2000 Certified
One of India's Largest Vacuum Pumps Manufacturers

**PRASHANT GROUP**
Plot No.: 4, Phase - I, G.I.D.C. Estate, Vatva, Ahmedabad - 382 445, INDIA.
Phone: +91 79 25830603 / 25833384 / 25891779, Fax: +91 79 25894020
E-mail: gamatex@prashantgroup.com, www.prashantgroup.com

# વિજાપુર તાલુકા પંચાયત

## શુભ દિપાવલી

*સ્વર્ણિમ ગુજરાતને દિપાવલીની હાર્દિક શુભેચ્છાઓ...*

૧. લોકભાગીદારીથી તાલુકાનો વિકાસ કરીએ.
૨. સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પોનું પાલન કરીએ.
૩. વિજાપુર તાલુકાને સંપૂર્ણ નિર્મળ બનાવીએ.
૪. જળ એ જ જીવન છે. તેનો સમજદારી પૂર્વક ઉપયોગ કરીએ.
૫. ઈ-ગ્રામ વડે ગ્રામકક્ષાએ કોમ્પ્યુટર દ્વારા નિયંત્રણ સેવાઓ.
૬. નિરોગીબાળ વર્ષ નિમિત્તે બાળઆરોગ્ય પ્રત્યે જાગૃત થઈએ.
૭. નિર્મળ ગુજરાત હેઠળ તમામ ગામો નિર્મળ બનાવીએ.
૮. ગ્રામસભા નિયમોનુસાર ભરી ગામના વિકાસમાં રસ લઈએ.
૯. દરેક ગામમાં મહિલા જૂથની રચના કરી વિકાસ કરીએ.
૧૦. રાષ્ટ્રીય ગ્રામીણ ગેરંટી યોજનાઓ વધુમાં વધુ લાભ મેળવીએ.

**ડી. એન. પટેલ**
તાલુકા વિકાસ અધિકારી

**ભરતભાઈ પટેલ**
પ્રમુખ

**અતુલભાઈ પટેલ**
ચેરમેન, કારોબારી સમિતિ

**ધુળાજી ઠાકોર**
ઉપપ્રમુખ

તાલુકાનો સર્વાંગી વિકાસ એ જ અમારો ધ્યેય

**વિજાપુર તાલુકા પંચાયત પરિવાર**

## વિકલાંગોની રમત સ્પર્ધાઓનું થયેલ આયોજન

વિકલાંગોની રાજ્યકક્ષાની રમત સ્પર્ધાઓનું તા. ૬-૧૨-૨૦૦૯ને રવિવારે સી.એન. વ્યાયામ વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ રમત સ્પર્ધાઓના ફોર્મ તા. ૧-૧૨-૨૦૦૯ સુધીમાં પરત મોકલી આપવાના છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો.

શ્રી કનુભાઈ શેલાર, પ્રમુખશ્રી,
ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ,
૬, સુદામા હાઉસ, પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬,
ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૬૫૧૯ / ૨૬૫૭૫૨૭૩.



# ગર્ભથી કબ્ર સુધી વિકલાંગ સ્ત્રી-ઉપેક્ષિતા

કેટલી વ્હીલચેર વાપરતી મહિલાઓને આપણે શાળા, કોલેજમાં, બજારમાં, જાહેર સ્થળોએ કે મુસાફરીમાં જોઈએ છીએ ? કેમ વિકલાંગ બહેનોને આપણા બધાની જેમ બહાર નીકળવાનું, હરવા-ફરવાનું અને પોતાની યોગ્યતા સિદ્ધ કરવાનું નહીં ગમતું હોય...?

આજે જ્યારે સમાજમાં "બેટી બચાવો" આંદોલન કરવું પડે છે - વિવિધ જગ્યાએ "સ્ત્રી ભૃણ હત્યા નહીં કરીએ" તેવી કસમ લેવી / લેવડાવવી પડે છે. ડોક્ટરોએ "અહીં જાતિ પરિક્ષણ કરવામાં આવતું નથી." એવા બોર્ડ લગાવવા પડે છે. કાયદામાં સ્ત્રી ભૃણ હત્યા અને જાતિ પરિક્ષણ ગુનો બને છે. એવી જોગવાઈ કરવી પડે છે. એ સમાજમાં સ્ત્રી નામને જ જો પોતાના અસ્તિત્વની લડાઈ કરવી પડતી હોય તો વિકલાંગ સ્ત્રીની જગ્યા ક્યાં હશે તે તો શોધવું જ રહ્યું. વિકલાંગ સ્ત્રીની મહિલા જાતિની ઉપેક્ષા ઓછી કરી પ્રોત્સાહન આપવું. આપણા બધાની વચ્ચે તેના માટે જગ્યા કરી પ્રેમથી તેને સ્વીકારવી. તેની લઘુતાગ્રંથી ઓછી કરી તેના હકથી - અધિકારથી તેને જાગૃત કરવી તે આજના દિવસે કરવા જેવી પ્રતિજ્ઞા છે.

ઈશ્વરે આપણને બધાને સરખા અંગો અને સરખી કાર્યશક્તિ આપી છે. જ્યારે કોઈક કારણસર આ કાર્ય કરતાં અંગોને (હાથ, પગ, આંખ, કાન, જીભ, મગજ વગેરે) પોતાના કાર્ય સ્વતંત્રપણે કરવામાં રોજીંદા જીવનમાં મુશ્કેલી પડે - જેમાં વય ગમે તે હોઈ શકે તેવી મહિલા જે શહેરમાં રહેતી હોય કે ગામડામાં આવી મહિલાને વિકલાંગ સ્ત્રી કહેવાય. આવી વિકલાંગતા ઘણા કારણસર આવી શકે છે. તેમાં ગર્ભ રહેવાના સમયમાં, પ્રસુતિ વખતે કોઈ કારણસર, પ્રસુતિ પછી બાળકોમાં કોઈ બિમારી - ચેપના કારણે વિકલાંગતા આવી શકે છે. આ કારણો જોતાં ૫૦% વિકલાંગતા એવી છે કે, સમયસૂચકતા, માહિતી અને માર્ગદર્શન હોય તો તેને રોકી શકાય છે. જે કાર્ય આપણે પણ કરી શકીએ.

## વિકલાંગતા ધરાવતી મહિલાઓની સમાજમાં પરિસ્થિતિ :-

ગ્રામ્ય વિસ્તારની હોય કે શહેરી - વિકલાંગતા ધરાવતી મહિલાઓને ત્રણ પ્રકારના ભેદભાવ અને પડકારોનો સામનો કરવો પડે છે. એક તો સ્ત્રી હોવાથી સમાજમાં બીજા સ્તરના નાગરિક (તેથી જ ૩૩% અનામતની માંગણી કરવી પડે છે. દયાદાનથી લેવી પડે છે. જે હક

છે) બીજું ગરીબ અને ત્રીજું વિકલાંગતા. તેમાં પણ સ્ત્રી જાતિ + ગરીબી + વિકલાંગતા. આ સ્ત્રીની દુર્દશા કેવી હોય તે તો કલ્પના જ કરવા રહી. સમાજ આવી સ્ત્રીઓને બીન ઉપયોગી જ માને છે.

ગુજરાતમાં ૨૦૦૪ - ઓક્ટોબરની ગણતરી મુજબ ૧૦,૫૦,૦૦૦ વસ્તી વિકલાંગ છે તેમાં ૫૦% મહિલાઓ ૪ લાખ મહિલાઓ પણ જુદીજુદી વિકલાંગતા ધરાવે છે. આમાંથી માત્ર ૫,૦૦૦ જેટલી મહિલાઓ પાસે રોજગાર હશે. તેમાં પણ ૯૯% મહિલાઓની આવક માત્ર ૧,૦૦૦ (માસિક) થી ઓછી છે. સાક્ષરતામાં સામાન્ય સ્ત્રીઓની મહિલાઓની વાત કરીએ તો કુલ વસ્તીની લગભગ ૩૮% સ્ત્રીઓ અક્ષરજ્ઞાન જાણે છે. બાળકીઓ શાળા સુધી પહોંચી છે. તેમાંય વિકલાંગ બાળકીઓનું શિક્ષણ ૧% છે. આ ૧%માંથી ઉચ્ચ શિક્ષણ સુધી કેટલી સ્ત્રીઓ પહોંચતી હશે...? માંડ ૦.૫% સુધી અને ૦.૨% ઉચ્ચ હોદ્દો લઈ શકે છે.

વિકલાંગ સ્ત્રી તેની શારિરીક મર્યાદાના કારણે જાતિય સતામણી - માનસિક અને યૌન શોષણનો ભોગ બને છે તેનું સ્વમાન હનન અને હરહાંસી - તેની વિકલાંગતાને જ તેનું નામ બનાવી દેવાય છે.

ગ્રામીણ વિકલાંગ મહિલાઓને વધુ પડકારોનો સામનો કરવો પડે છે. તેમને તો શિક્ષણલક્ષી - સામાજિક અધિકારો, તબીબી સવલતો, સમાજની રૂઢિગત માન્યતાઓ, યોગ્ય સગવડોનો અભાવ, પુનઃવસનનું ક્ષેત્ર ખૂબ જ દૂરના સ્થળે હોવું, અસલામતી, ગરીબી, પરંપરાગત વિચારોના કારણે તેમને સમાજની વિકાસની પ્રક્રિયામાં સ્થાન જ નથી મળતું. પરિણામે ૯૦% ગ્રામીણ વિકલાંગ મહિલાઓ પૂર્ણતઃ આધારિત જીવન વ્યતિત કરે છે. પોતાના અસ્તિત્વથી અજાણ અને ક્ષમતાઓથી બેખબર, એકલવાયુ, કુંઠીત જીવન વ્યતિત કરે છે.

## વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને અવરોધ મુક્ત વાતાવરણ :-

કેટલી વ્હીલચેર વાપરતી મહિલાઓને આપણે શાળા, કોલેજમાં, બજારમાં, જાહેર સ્થળોએ કે મુસાફરીમાં જોઈએ છીએ ? કેમ વિકલાંગ બહેનોને આપણા બધાની જેમ બહાર નીકળવાનું, હરવા-ફરવાનું અને પોતાની યોગ્યતા સિદ્ધ કરવાનું નહીં ગમતું હોય...? પણ તે શા માટે આગળ નથી આવતી...? તેને પોતાની વિકલાંગતાના કારણે તેનામાં લઘુતાગ્રંથી છે. સમાજ સ્વીકારની બાબતમાં તેને અવિશ્વાસ છે. હાંસીપાત્ર થવાનો ડર છે. થોડે અંશે જેનામાં શિક્ષણ, આત્મવિશ્વાસ છે, તેના માટે સમાજમાં અવરોધ મુક્ત વાતાવરણ નથી. વાહન-વ્યવહારમાં છે સગવડ...? (સ્પેશ્યલ આપેલ સીટ પર બેઠેલ મુસાફર સીટ જાતે ખાલી કરી આપે છે...?) તેને જરૂર સમયે તેનો હાથ પકડી લઈ જવા પ્રોત્સાહન આપવા તૈયાર થાય છે





મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુરના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નિર્મળાબેન રાવળને સમાજ માટે કરેલ વિશિષ્ટ શૈક્ષણિક સેવાઓ બદલ સંનિષ્ઠ જાગ્રત શિક્ષકનો "શ્રી મધુબહેન શાસ્ત્રી" એવોર્ડ તેમજ શાલ અર્પણ કરતા પૂ. મોરારીબાપુ તેમજ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પ્રમુખ શ્રી વસુબહેન દૃષ્ટિગોચર થાય છે.

શ્રી નિર્મળાબેન રાવળને "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.



## શ્રી કુસુમબેન ચંદારાણાને શ્રેષ્ઠ શિક્ષકનું પારિતોષિક દ્વારા થયેલ સન્માન

શ્રીમતી કુસુમબેન ચંદારાણા, આચાર્યશ્રી, બહેરા-મૂંગા શાળા, પાટણને રાજ્ય સરકારના વર્ષ ૨૦૦૯ના શ્રેષ્ઠ શિક્ષક (ખાસ કેડર) તરીકે પારિતોષિક મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રશસ્તીપત્ર તથા શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા છે. શ્રી કુસુમબેન ચંદારણા છેલ્લા ૨૫ વર્ષથી શાળાના પ્રશ્નોમાં તેમની હૈયા સૂઝ અને ધીરજ, ખંત અને નિષ્ઠાથી મુકબધિર બાળકોની વેદનાને જાણી માતાનો પ્રેમ આપી રહ્યા છે. તેઓશ્રી આજીવન શિક્ષક તો છે જ સાથે તેમની ઉચ્ચ ભાવના, સ્પષ્ટ ધ્યેય અને આગળ વધવાની ધગશથી તેઓ અનેક વિકલાંગોને મદદરૂપ બન્યા છે. ખાસ વિકલાંગ બહેનોની વેદનાને વાચા આપવા સદાય ઉત્સુક રહે છે. વિકલાંગ મિત્રના શુભેચ્છક એવા શ્રી કુસુમબેન ચંદારાણાને તેમનો શાળા પરિવાર તરફથી વધુ વિકલાંગોની સેવા કરે એવી પરમપિતા પરમાત્મા પાસે પ્રાર્થના છે. "વિકલાંગ મિત્ર" પરિવાર હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.






કોઈ...? છે કોઈ સંસ્થા તેનું શોષણ ન કરવાની શરતે નોકરી આપવા માટે...? તેને રોજગાર આપવા માટે પણ કોઈ તૈયાર થતું નથી અને રોજગાર આપે છે ત્યાં તેનું કેટલું શોષણ...? કામ અને દામ બંનેમાં.

બંને પગે પોલિયોવાળી બહેન કે અંધ બહેન ઘરની ચાર દિવાલમાં જ બેસવું પસંદ કરે છે. આપણી બસો કે ટ્રેનો એવી નથી કે વ્હીલચેર સાથે લઈ જઈ શકે અને આવા વિકલાંગો માટે બસોમાં કે જાહેર સ્થળોએ કેટલું અપમાન-વ્યંગ-ટીખળ સહન કરવા પડે છે તે આપણે ક્યાં નથી જાણતા...કોઈ...?

આપણી શાળા-કોલેજોમાં આવી મહિલાઓ માટે કેટલી અને કેવી સગવડો છે...? તેનો સર્વે કરવા જેવો છે. જાહેર જગ્યાએ, નોકરીના સ્થળોએ, સરકારી કચેરીઓ (બહુમાળી મકાનોમાં સરકારી લાભો માટે સહી મેળવવા માટે એક સહી માટે ચોથા માળે પાંચ નંબરમાં, બીજી સહી માટે બીજા માળે આઠ નંબરમાં અને ત્રીજી સહી માટે વળી કચેરી જ જુદી) વિકલાંગો તેમાંય સ્ત્રીઓ કેટલો લાભ લઈ શકે...? વિકલાંગોના આંકડા અને લાભાર્થીઓના આંકડા જોતા ખ્યાલ આવી જાય છે. બંને પગે વિકલાંગ બહેનને કહેવામાં આવે કે તમે સરકારી દવાખાનામાં જઈ બંને પગે વિકલાંગ છો તેનો દાખલો લઈ આવો. બંને પગ વિકલાંગ દેખાય તેવો ફોટો લઈ આવો. આવા અલગ અલગ કચેરીના દાખલા લાવે ત્યારે માંડ તે વિકલાંગ છે તેનું ઓળખપત્ર નીકળે. ક્યારેક સિવિલ હોસ્પિટલમાં આ માટે ડોક્ટરો પણ નિમાયેલા હોતા નથી.

આવા વિકલાંગો માટે શાળા-કોલેજો-જાહેર સ્થળો-કચેરીઓ વગેરેમાં કેટલી અલગ અલગ સગવડો છે. ક્યાંય જોઈ છે...? એકાદ-બે કિસ્સા બાદ કરતાં. બાકી સમાજને સામાન્ય બુદ્ધિથી વિચારી સંવેદનશીલ થવાની જરૂર છે. આવું અવરોધ મુક્ત વાતાવરણ માત્ર વિકલાંગોને જ નહીં પણ બાળકો, વૃદ્ધો, પ્રસુતા સ્ત્રીઓ વગેરે માટે પણ જરૂરી છે.

## વિકલાંગતા ધરાવતી મહિલા અને મીડીયા :-

આજે મીડીયાનો જમાનો છે. મીડીયાની માયાજાળ-લોકમત અને માનસિકતા નિર્માણની અગત્યની ભૂમિકા ભજવે છે. ફિનલેન્ડ નામના દેશમાં એસ્કિસન કંપની પોતાના ઉત્પાદનોની જાહેર ખબર માટે વિકલાંગ-અંધ બહેનોને જ તક આપે છે. શું આપણે ત્યાં આ પ્રયોગ કરી સમાજ જાગૃતિ લાવી ન શકાય...? વિકલાંગ મહિલા તેની આવડત-યોગ્યતા પુરવાર કરવા તક આપી ન શકાય...?

## વિકલાંગ મહિલાઓ અને સામાજિક જીવન :-

વિકલાંગ મહિલાઓને પણ પોતાના જીવન વિશે સ્વપ્નો હોય છે. તેમાંનું એક છે જીવનસાથી મેળવવાનું- કોઈક જ વિકલાંગ મહિલાનું આ સ્વપ્ન પુરૂં થાય છે. સમાજ જાણે છે કે વિકલાંગતા ધરાવતી મહિલાઓનું જાતિય શોષણ નજીકના સંબંધી પુરૂષો તેમજ મિત્રો, પડોશીઓ દ્વારા જ થતું હોય છે અને સંબંધ, અહેસાન, સમાજની બીક, બેઈજ્જતીનો ડર વગેરેના કારણે વાતને દબાવી દેવામાં આવે છે. વિકલાંગ મહિલાને પોતાને થતો અન્યાય, પોતાનું થતું શોષણ કહેવાનો પણ અધિકાર નથી. વિકલાંગોને રોજગારીની તક મળે તો તેના કુટુંબ માટે તે ભારરૂપ ન બને, સ્વમાનથી જીવે અને રાજ્યને પણ કેટલો ફાયદો થાય. આ જીવનની અપંગતા દૂર થાય. આમ વિકલાંગોને પગભર થઈ સમાજના ઉત્પાદક સદસ્ય બને તેમાં જ સમાજને ફાયદો છે. તો જ વિકલાંગો સમાજની સક્રિય તાકાત બની શકે છે.

વિકલાંગ ધારા-૧૯૯૫માં વિકલાંગોને ન્યાય, સમાન તક -હક માટે કાયદો બનાવેલો છે. છતાંય વિકલાંગતા ધરાવતી મહિલાઓ પુન:વસન સેવાઓ મેળવવા કાયદાનો પૂરો ઉપયોગ કરી શકતી નથી. કારણ એટવું જ કે આ અંગે વિકલાંગ મહિલાઓનો માહિતીનો સદંતર અભાવ છે. વિકલાંગ મહિલાને ઘરની ચાર દિવાલની બહાર લાવવા, સમાજની મુખ્ય ધારામાં લાવવા, સંવેદનશીલ, જાગૃત અને માહિતગાર આપણે થવું પડશે.

આ મુદા પર કામ કરતી સંસ્થાઓ સાથે સંવાદ વિકસાવીને ઉપયોગી, વ્યવહારિક અને વિકાસલક્ષી નીતિ ઘડવાની અસરકાર વ્યુહરચના કરવી પડશે ત્યારે જ ગર્ભથી કબ્ર સુધી વિકલાંગ સ્ત્રી - ઉપેક્ષિતાના કલંકને ભૂંસી શકાશે.

આંકડા સૂચવે છે કે, વિકલાંગતાનું પ્રમાણ ગ્રામ્ય વિસ્તાર તરફથી શહેરી વિસ્તાર તરફ પ્રયાણ કરી રહ્યું છે. કારણકે તબીબી ઉપાયો અને સગવડોથી જન્મ સમયની વિકલાંગતા અટકાવવા પ્રયત્નો ચાલે છે તેમાં સફળતા પણ મળે છે, પરંતુ વધતા જતા શહેરીકરણ, પ્રતિસ્પર્ધા, પ્રદુષણની આડઅસર, વધતા જતા અકસ્માતો, માનસિક તાણ, ચેપ, રઘવાટભરી અસંતોષી જીવનશૈલીના કારણે વિકલાંગતાનું પ્રમાણ વધતું જાય છે. સાથે જ બદલાતા પરિવારનું માળખું સંયુક્તમાંથી વિભક્ત કુટુંબના વાયરામાં વિકલાંગોના પ્રશ્નો જેટલા જ પ્રશ્નો આવનારા સમયમાં એકલવાયા થઈ જતા વૃદ્ધોના છે. આ બંને પ્રશ્નો સમાજમાં પડકારરૂપ છે. ત્યારે વિકલાંગતા વિશે જેટલું જાણી શકીએ તેટલું આપણા અને સમાજના હિતમાં છે.

**લે. કુસુમબેન ચંદારાણા (આચાર્ય, મૂક-બધિર શાળા-પાટણ ફો.નં.૨૨૦૩૩૨)**





# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિજાપુરના

## નુતન વર્ષાભિનંદન

ઓફિસ ફોન નં. ૨૨૧૦૦૧

બજાર સમિતિ, વિજાપુરના બજાર વિસ્તારમાં ખેતી ઉત્પન્ન ચીજો વેચવા લાવતા ખડૂત ભાઈઓ તથા વેપારી ભાઈઓને તથા તાલુકાના તમામ નાગરિકોને નવા વર્ષના નુતન વર્ષાભિનંદન પાઠવે છે.

- બજાર સમિતિના માર્કેટ યાર્ડોમાં કપાસ, અનાજ, તેલીબીયાંનું ખરીદ - વેચાણ સારા પ્રમાણમાં થાય છે. ખેડૂતોને ખરૂં તોલ, રોકડ નાણાં તરત ઉપલબ્ધ થાય છે. ખેડૂતોને ઠંડા પાણી તેમજ ભોજનની સુવિધા ઉપલબ્ધ છે.
- બજાર સમિતિ તરફથી વિજાપુર તાલુકાના તમામ નાગરિકો માટે જુથ વિમા યોજના અંતર્ગત અકસ્માત વિમાના રૂા. ૫૦,૦૦૦/- ચુકવવામાં આવે છે.
- બજાર સમિતિ તરફથી ફાયર ફાઈટરની સુવિધા ઉપલબ્ધ છે. જેનો ટે.નં. ૨૨૦૧૯૦ છે. જે સેવા ૨૪ કલાક કાર્યરત છે.

| શ્રી ચંદુભાઈ સી. પટેલ | શ્રી રમેશભાઈ એમ. પટેલ | શ્રી પ્રહલાદભાઈ આઈ. પટેલ |
|---|---|---|
| **વા. ચેરમેન** | **ઈન્ચાર્જ સેક્રેટરી** | **ચેરમેન** |

**સદસ્યશ્રીઓ**

પટેલ દશરથભાઈ કાશીરામભાઈ
પટેલ રણછોડભાઈ ગોરધનભાઈ
પટેલ અમૃતભાઈ શંભુદાસ
પટેલ બાબુભાઈ ત્રિભોવનભાઈ
પટેલ જયંતિભાઈ મગનભાઈ
પટેલ પ્રહલાદભાઈ ડાહ્યાભાઈ
પટેલ શંકરભાઈ ઈશ્વરભાઈ
પટેલ માણેકલાલ સોમનાથ
પટેલ મફતલાલ અંબાલાલ
પટેલ રમણભાઈ રણછોડભાઈ
પટેલ અંબાલાલ બબજીદાસ
પટેલ બાબુભાઈ ગોબરદાસ
મહેશ્વરી દેવકીનંદન લજપતરાય
શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ
શ્રી જીલ્લા ખેતી અધિકારી, જિ. પં

**તથા કર્મચારી ભાઈઓ**

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિજાપુર**



પુસ્તક-પરિચય

# "વિકલાંગોની મનોવૈજ્ઞાનિક-સામાજિક સમસ્યાઓ અને સમાયોજન" પુસ્તક દ્વારા પ્રો. રમીલાબેન દેસાઈનો વિકલાંગોની વેદનાને વાચા આપવા પુરૂષાર્થ...

લે. : યોગેશભાઈ પાટીલ

સમગ્ર વિશ્વમાં ૫૬ કરોડ અને ગુજરાતમાં ૧૦ લાખ વિકલાંગો છે. એક સર્વેક્ષણ મુજબ વિશ્વમાં ૧૦ ટકા વસ્તી કોઈને કોઈ પ્રકારની વિકલાંગતા ધરાવે છે. સમાજમાં વિકલાંગો ઘણી સમસ્યાઓથી પીડાતી નજરે ચઢતા હોય છે. પરંતુ બહુ ઓછા લોકો એવા છે કે, જેઓ વિકલાંગોના ઉદ્ધાર માટે કંઈક વિચારે છે.

સમાજને વિકલાંગોની સામાજિક સમસ્યાઓથી વાકેફ કરવા સુરતની નવયુગ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપિકા રમીલાબેન દેસાઈએ "વિકલાંગોની મનોવૈજ્ઞાનિક, સામાજિક સમસ્યાઓ અને સમાયોજન" વિષય પર પુસ્તક લખી વિકલાંગોની સમસ્યાઓને મનોવૈજ્ઞાનિક રીતે સમજાવાનો પ્રયત્ન કર્યો છે. એટલું જ નહીં પણ તેમની સમસ્યાઓના વ્યાપ, વૈવિધ્ય અને વિસ્તારને સામે રાખી એના નિરાકરણ માટે પરિવારે, સમાજે અને સરકારે તથા સેવાભાવી સંસ્થાઓએ શું કરવું જોઈ અને શું થઈ રહ્યું છે ? તેનો ખ્યાલ આપ્યો છે.

પ્રા. રમીલાબેન દેસાઈએ આ પુસ્તકની એક હજાર નકલો સ્વખર્ચે છપાવી છે. અને તેમાંથી થનારી આવક પણ વિકલાંગોના ઉદ્ધાર માટે આપી દેવાનો નિશ્ચય કર્યો છે.

પ્રા. રમીલાબેન દેસાઈ જણાવે છે કે, તેઓ નવયુગ કોલેજમાં અભ્યાસાર્થે આવતા એક વિકલાંગ વિદ્યાર્થીને દરરોજ જોતા હતા. આ વિદ્યાર્થી વધુ વિકલાંગતા ધરાવતો હોઈ તેનો ભાઈ તેને ખભે ઉચકી કોલેજ લાવતો હતો. ફક્ત એક વિકલાંગને આ પ્રકારની સમસ્યાઓથી પીડાતા સમાજમાં જીવતા બીજા અસંખ્ય વિકલાંગોનો વિચાર આવ્યો. અને ત્યારથી વિકલાંગો માટે કંઈક કરવા વિચારી લીધું હતું. મનોવિજ્ઞાન વિષય સાથે શિક્ષણ જગતમાં ૩૭ વર્ષ સુધી સેવા આપી હોય આ પુસ્તક લખી સમાજને પણ મનોવૈજ્ઞાનિક રીતે વિકલાંગોની સમસ્યાઓથી વાકેફ કરવા પ્રયાસ કર્યો છે.

જો શારીરિક અને માનસિક ખામી ધરાવનારાઓનો ઉંડાણથી અભ્યાસ કરવો હોય તો ગુજરાતી ભાષામાં એક પણ પુસ્તક નથી. ગુજરાત સરકાર તરફથી બહાર પાડેલા પુસ્તક છે. પરંતુ તે "વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ" માટેનું છે. આ પુસ્તકમાં

વિકલાંગોની ખામીઓ અને તેમના વ્યક્તિત્વનું મનોવૈજ્ઞાનિક વિશ્લેશણ, વિકલાંગ થવાના કારણો, તેમને માટેની વિશિષ્ટશાળા તથા વિશિષ્ટ સંસ્થા તે કેવી હોવી જોઈએ. તેને માટેના ધારા–ધોરણો, વિકલાંગોના માતા–પિતાને થતી વેદના, વિકલાંગોનું મનોજગત, તેમના શિક્ષકો તથા માતાપિતાને માટે યોગ્ય તાલીમ તથા માર્ગદર્શન વગેરેની વિસ્તારથી માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.

પ્રા. રમીલાબેન દેસાઈ વધુમાં કહે છે કે, સમગ્ર વિશ્વમાં ૫૬ કરોડ વિકલાંગો છે. ભારતમાં ૨ કરોડ ૬ લાખ તેમજ ગુજરાતમાં ૧૦ લાખ જેટલા વિકલાંગો છે. ભારત અને વિશ્વના અન્ય દેશોમાં વિકલાંગોની આ સંખ્યા ઘણી કહેવાય છે. દરેક દેશમાં સરકાર દ્વારા સર્વે કાઢવા છતાં કોઈપણ પરિસ્થિતિમાં સમગ્ર વિકલાંગોની સાચી સંખ્યાનો આંકડો કાઢવો અને સાચી માહિતી મેળવવાનું કામ ઘણું મુશ્કેલ છે. બીજું કે, હવે પછી પણ વિકલાંગ બાળકો જન્મવાના નથી જ એમ ૧૦૦ ટકા કહી શકાય તેમ નથી. સવાલ સંખ્યાનો નથી પણ સમસ્યાનો છે.

નેત્રહીનની જુદી–જુદી ખામીવાળા, બધીર કાનેથી સાંભળી ન શકે તેવા, વાણીની ખામીવાળા (મૂંગા), શારીરિક રીતે ખોડખાંપણ ધરાવતા (અપંગ), માનસિક રીતે વિકલાંગ અથવા માનસિક ક્ષતિવાળા વિકલાંગો અને તેમનું વર્ગીકિરણ તેમનામાં આવી ખામી હોવાના જુદા–જુદા કારણો, જન્મપૂર્વના ગર્ભાવસ્થા દરમિયાનના કારણો તે ઉપરાંત જન્મ સમયે ઊભી થયેલી મુશ્કેલીઓને કારણે જે ખામીઓ ઉદ્ભવે તે કારણો અને જન્મ્યા પછી પણ ખામીઓ આવે છે. આવા વિવિધ કારણો બતાવવા પ્રયાસ કર્યો છે.

વિકલાંગોના શિક્ષક તથા માતાપિતાને માટે તાલીમ તથા શિક્ષણ વ્યવસ્થા કેવા પ્રકારની હોવી જોઈએ. સલાહ–સૂચન ખાસ જરૂરી છે. વિકલાંગો સ્વનિર્ભર બને અને સ્વમાનભેર, આત્મવિશ્વાસથી સમાજમાં જીવન જીવતા થાય તે અગત્યનું છે. તે માટે તેમને જરૂર છે પ્રેમ, સહાનુભૂતિ તેમજ તાલીમ અને શિક્ષણની સાથે–સાથે તેમને તક પણ મળવી જરૂરી છે. તો તેમાંથી ઘણા બધા આગળ આવી શકે. તેમને પ્રેરણારૂપ દાખલાઓ વાંચીને કે કોઈ પાસે આ પુસ્તક વંચાવી, સાંભળીને તેમણે આગળ આવવાનું છે.

(આ પુસ્તક વિશે વધુ માહિતી માટે નીચે દર્શાવેલ સરનામે સંપર્ક કરવા વિનંતી છે. આ પુસ્તકની કિંમત રૂા. ૧૨૦/– છે. ૩૦ ટકા કમિશન આપવામાં આવશે. દરેક સંસ્થાઓએ વસાવવા જેવું પુસ્તક છે. તંત્રીશ્રી)

**પ્રા. રમીલાબેન દેસાઈ ૪૨, સંગના સોસાયટી, નવયુગ કોલેજની બાજુમાં, રાંદેર રોડ, સુરત – ૩૯૫૦૦૯, ફોન નંબર : ૦૨૬૧ – ૨૭૮૫૭૬૧.**




# મહેસાણા જિલ્લા પંચાયત

## શુભ દિપાવલી



**નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ....**

**સ્વર્ણિમ ગુજરાતના આજના મંગલ પ્રભાતે જીલ્લાના સર્વાંગી વિકાસનો સૂર્યોદય ગુજરાતને સિદ્ધિના સર્વોચ શિખર સ્થાપવા માટે, આપ સૌને નૂતન ઉર્જા પૂરી પાડે એવી અભ્યર્થના સાથે, જીલ્લાના સૌ નાગરિકો વિકાસસાર્થે આપણે સૌ દૃઢ સંકલ્પ સાથે કટીબદ્ધ થઈએ તેવી દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ...**

- નિર્મળ ગુજરાત થકી, સ્વચ્છ પાણી અને ગામની સફાઈ, તેમાં છે સૌની ભલાઈ.
- આગળ આવો, આગેવાની લો અને એઈડ્સ હટાવો.
- સુજલામ સૂફલામ યોજના થકી સૂકી ધરતીને નંદનવન બનાવીએ.
- પશુ રસીકરણ અપનાવો, બેટી બચાવો.
- મચ્છરદાની વાપરો, મેલેરિયા/ડેન્ગુ થી બચો.
- નાની સિંચાઈ, તળાવો, ચેકડેમો, બોરીબંધ, ખેતતલાવડીના પાણી, સમુદ્ધિ લાવે તાણી.
- હરીયાળી ધરતીનો એક શણગાર, નિર્મળ ગુજરાતનો હો જય જયકાર.
- કન્યા કેળવણીને ઉત્તેજન આપીએ.
- સુક્ષ્મ પિયત (ડ્રીપ ઈરીગેશન) અપનાવો, જળસંચયના કાર્યમાં સહયોગ આપો.

જે. જી. હિંગરાજીયા
I.A.S.
જિલ્લા વિકાસ અધિકારી

રમણભાઈ ડી. પટેલ
પ્રમુખ



જ્યંતિભાઈ લ. પટેલ
ચેરમેન, કારોબારી સમિતિ

હંસાબેન એમ. ઠાકોર
ઉપપ્રમુખ

**જિલ્લાનો સર્વાંગી વિકાસ એ જ અમારો ધ્યેય**

**મહેસાણા જિલ્લા પંચાયત પરિવાર**

**હાજીપુર :–** મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુર ખાતે વિશ્વ વૃદ્ધદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૭૫ વર્ષથી મોટી ઉંમરના ૧૦૦ વયોવૃદ્ધ દાદાઓ અને દાદીઓએ હાજરી આપી. સૌથી વધુ ઉંમર ધરાવતા (૧) ઠાકોર બબાજી પ્રતાપજી (૧૦૭ વર્ષ) (૨) સેનમા સૂરજબેન (૧૦૨ વર્ષ) (૩) ઠાકોર લક્ષ્મીબેન (૧૦૧ વર્ષ) (૪) પટેલ જોઈતારામ (૧૦૧ વર્ષ) ને શ્રી નિર્મલાબેન રાવળ અને શ્રી ગીરીશભાઈ પટેલે શાલ-આંટીથી સન્માન કરવામાં આવ્યું હતું.

**વડોદરા :–** મહિલા વિકલાંગ વ્યવસાયિક પુનર્વાસ કેન્દ્ર, વડોદરામાં વિકલાંગ બહેનો માટે રોજગાર પરિચયાત્મક શિબિર યોજાઈ ગઈ. જેમાં સાંસદ બાલકૃષ્ણભાઈ શુકલ, ભૂપેન્દ્રભાઈ પટેલ, નોકરીદાતા પ્રદીપભાઈ, રોજગાર અધિકારી એન.કે.પટેલ અને વિકલાંગ બહેનો હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું. સંસ્થાની વધુ વિગતો અને જાણકારી માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

વી. થંગરાજ, આસિ. ડાયરેક્ટરશ્રી, મહિલા વિકલાંગ વ્યવસાયિક કેન્દ્ર,
નિઝામપુરા બસ સ્ટેન્ડની ગલીમાં, પેન્શનપુરા, વડોદરા, ફોન નં. (૦૨૬૫) ૨૭૮૨૮૫૭.

**અમદાવાદ :–** સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ, લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સેન્ટ્રલ, ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ અને સત્યાગ્રહ આશ્રમ સ્મારક કોચરબના સંયુક્ત ઉપક્રમે રક્તપિત્તના દર્દીઓ વચ્ચે ગાંધી જ્યંતિ પર્વની ઉજવણી તથા સામાજિક / શૈક્ષણિક અને આર્થિક પુનર્વસનનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં રક્તપિત્ત દર્દીકુટુંબોને સ્વનિર્ભર બનાવવા માટે સાધન સહાય વિતરણ કરવામાં આવ્યું. વિવિધ હરીફાઈઓના ઈનામ વિતરણ વિવિધ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં દિનેશભાઈ શાહ પૂર્વ નાણાં મંત્રી, જિતેન્દ્રભાઈ દેસાઈ, જયેશભાઈ પટેલ માનવ સાધના, ઉષાબેન શેઠ, ભોગીભાઈ શાહ, સંસ્થાના સ્થાપક મંત્રીશ્રી પ્રવિણભાઈ પંડ્યા અને નરેશભાઈ દલવાડી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**જુનાગઢ :–** વિકલાંગ વિદ્યાર્થી વર્તુળ, જૂનાગઢનાં પ્રમુખશ્રી દિનેશકુમાર બગીયાની યાદી અનુસાર સંગમ ઈન્ટરનેશનલ મેરેજ બ્યુરો, જે ખાસ વિકલાંગો માટે કાર્યરત છે. જેમાં શારીરિક, પ્રજ્ઞાચક્ષુ, મૂક-બધિર જેવા વિકલાંગ ભાઈ-બહેનોનાં નામની નોંધણી વિનામૂલ્યે કરવામાં આવે છે. સફેદદાગ તેમજ છૂટાછેડાવાળા યુવક-યુવતીઓના નામની નોંધણી પણ કરવામાં આવે છે. વિકલાંગ ભાઈ-બહેનોએ નામ નોંધવવા માટે શ્રી સરોજબેન ઠાકર, સંગમ ઈન્ટરનેશનલ મેરેજ બ્યુરો, ૨૦૫, બીજા માળે ,ન્યુ સંકલ્પ કોમ્પ્લેક્ષ, સ્ટેશન રોડ, જૂનાગઢ ફોન નં. ૨૬૩૩૨૪૬ પર સંપર્ક કરવો. ખાસ નોંધ : શ્રી સરોજબેન ઠાકર દ્વારા વિકલાંગો માટે ખાસ સમૂહ લગ્નનું પણ આયોજન થનાર છે.



પુસ્તક-પરિચય

## "વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ" વિષયક પ્રસિદ્ધ કરાયેલ પુસ્તિકા

લે. : મિલનભાઈ વ્યાસ

રાજ્ય સરકારના માહિતી ખાતાના ઉપક્રમે વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે ઉપયોગી માહિતીપ્રદ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે. સમાજના દૃષ્ટિહીન, શ્રવણમંદ, અસ્થિવિષયક, માનસિક ક્ષતિ ધરાવતાં વિકલાંગો, નિરાધાર, વૃદ્ધ ભાઈ-બહેનો તથા વિધવા મહિલાઓ માટેની રાજ્ય અને કેન્દ્ર સરકાર પુરસ્કૃત વિવિધ કલ્યાણકારી યોજનાઓની સવિસ્તાર વિગતો અને જાણકારી આ પુસ્તિકામાં સમાવિષ્ટ કરવામાં આવી છે. આ પુસ્તકની સતત પાંચમી આવૃત્તિ પ્રકાશિત થઈ છે. જે વિકલાંગોમાં આવકાર્ય બની રહી છે.

આ પુસ્તકને માહિતી ખાતાએ વેબસાઈટ પર પણ મૂકેલ છે. વિશાળ માનવ સમુદાય વચ્ચે વસતાં પણ અકસ્માતે અપંગ બનેલાં કે કુદરતી નાની-મોટી વિટંબણાનો ભોગ બનીને જિંદગીના પડકારોનો હસતેમુખે સામનો કરતાં વિકલાંગોને માટે પુસ્તકમાં સમાવિષ્ટ યોજના કે સહાય વિષયક માહિતીના સથવારે જીવનની સફળ કારકીર્દીના ઘડતરમાં આ સાહિત્ય સફળ પુરવાર થયું છે. સફળતાના શિખરો સર કરતાં વિકલાંગ વ્યક્તિઓના જીવનમાં આ પુસ્તક એક નવો ઉજાશ પાથરશે તેવી આશા માહિતી કમિશ્નર ભાગ્યેશ જહાંએ પાંચમી આવૃત્તિના પ્રકાશન વેળાએ વ્યક્ત કરી છે.

પ્રસ્તુત પુસ્તકમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, અગત્યાના ઠરાવો, રેલ્વે, બસોમાં મફ્ત મુસાફરી, ઓળખપત્ર, વિમાની સેવા, સ્ટીમર મારફતે મુસાફરી, વિવિધ સાધન-સહાય, શૈક્ષણિક યોજનાઓ, રાષ્ટ્રીય અને રાજ્ય પારિતોષિક યોજનાઓ, બ્રેઈલ લાઈબ્રેરી, નિરાધાર વૃદ્ધો, અપંગો, વિધવાઓને આર્થિક સહાય, સરકારી નોકરીઓમાં વિકલાંગ અનામત-વાહન- મકાન-નોકરી, સેલ્સટેક્ષમાં રાહત સહાય અને તેમના સર્વાંગી વિકાસને લગતી યોજનાઓની સમાવેશ કરાયો છે.

આ પુસ્તક પ્રકાશન શાખા, માહિતી કમિશ્નરની કચેરી, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરમાં તથા માહિતી ખાતાની રાજ્યભરની જિલ્લા કચેરીઓ અને દિલ્હી-મુંબઈ સ્થિત કચેરીઓથી પણ વિનામૂલ્યે પ્રાપ્ત થઈ શકશે.

(વિકલાંગોના ભોમિયો તરીકે ખ્યાતિ ધરાવતા શ્રી ઈનાયતઅલી સૈયદે આ પુસ્તકનું સંપાદન કરેલ છે. તેમને તથા રાજ્ય સરકારના માહિતી ખાતાને "વિકલાંગ મિત્ર" પરિવાર ખૂબ-ખૂબ અભિનંદન પાઠવે છે. તંત્રીશ્રી)

# સમાચાર - દર્પણ

**ભુવનેશ્વર :-** હિંદુઓના સૌથી પવિત્ર સ્થાન પૈકી એક પૂરી સ્થિત જગન્નાથ મંદિરમાં વિકલાંગ શ્રદ્ધાળુઓ વ્હીલચેર સાથે દર્શન કરી શકશે. મંદિર અધિકારી કાશીનાથે કહ્યું હતું કે વિકલાંગ શ્રદ્ધાળુઓને ખાસ સુવિધા આપવાની દરખાસ્ત તૈયાર કરી હતી. આ દરખાસ્ત પર ગંભીરતાથી વિચાર કરી તેનો અમલ શરૂ કરી દેવાશે. ઓરિસ્સાના પૂરી શહેરમાં ૧૨મી સદીમાં બનાવવામાં આવેલા મંદિરની ગણના હિંદુ ધર્મના સૌથી પવિત્ર ચાર મંદિરોમાં થાય છે. હિંદુ શ્રદ્ધાળુ તેના જીવન દરમિયાન ચારેય મંદિરના દર્શન જરૂરથી કરે છે. જો કે અહીંયાં પ્રવેશ માટે સખત નિયમો બનાવવામાં આવેલા છે. હિંદુ સિવાય કોઈપણ ધર્મના લોકો કે ટોપી કે પછી પટ્ટો પહેરેલા લોકો મંદિરમાં જઈ શકતા નથી. પરંતુ હવે મંદિર સત્તાવાળાઓ દ્વારા અંધ, વિકલાંગ વ્યક્તિને તેના પરિવારના સભ્યની મદદથી મંદિરમાં પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**નવી દિલ્હી :-** દિલ્હી હાઈકોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, માનસિક અપંગતા અને વિવિધ વિકલાંગતાથી પીડાતા વ્યક્તિઓના નામે ખાતા ખોલવા દેશભરની બેંકો માટે માર્ગદર્શિકા જારી કરવાની સલાહ આપી હતી. આ પ્રકારના ખાતાઓમાં માતા-પિતા પૈકીના એકને વાલી તરીકે રાખી શકાશે. નવીદિલ્હીના હોઝે ખાસના નિવાસી સુષ્મા શર્માએ દાખલ કરેલી પીટીશનની સુનાવણી કરતા દિલ્હી હાઈકોર્ટે રિઝર્વ બેંકને ઉપરોક્ત સૂચન કર્યું હતું. અરજકર્તાએ તેમના ૯૦ ટકા માનલિક વિકલાંગતા ધરાવતા પુત્ર કુલદીપ શર્માના નામે ખાતું ખોલવા તેમના વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને નિર્દેશ આપવાની માંગ કરી હતી. આ બેંકે તેમના પુત્રના નામે ખાતું ખોલવાનો ઈન્કાર કરી દીધો હતો. અદાલતે જણાવ્યું હતું કે ભારતીય રિઝર્વ બેંકે બેંકિંગ રેગ્યુલેશન એક્ટ અને આરબીઆઈ એક્ટ અંતર્ગત માર્ગદર્શિકા જારી કરતા દેશની તમામ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રની બેંકોને વિવિધ માનસિક વિકલાંગતાઓથી પીડાતી વ્યક્તિઓના નામે ખાતા ખોલવાની સુવિધા ઉભી કરવા નિર્દેશ આપવો જોઈએ.



**ગાંધીનગર :-** રાજ્યના ચાર મોટા શહેરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિકલાંગ વિદ્યાર્થીઓ માટે જમવા સાથેની વ્યવસ્થાવાળી હોસ્ટેલની સુવિધા ઉભી કરાશે. સામાજિક ન્યાય અને અધિકારતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦ લાખ ૪૫ હજાર વિકલાંગો છે અને વિકલાંગ બાળકો માટે રાજ્યમાં ૧૨૬ ગ્રાન્ટ-ઈન-એઈટ શિક્ષણ સંસ્થાઓ તથા માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી અંધ બાળકોની માટેની ૮ શાળાઓ, મૂક-બધિર માટે ૮ શાળાઓ અને અસ્થિ વિષયક વિકલાંગ માટે ૩ શાળાઓ સહિત ૧૯ શાળાઓ કાર્યરત છે. ઉચ્ચ શિક્ષણ મેળવતા વિકલાંગ બાળકો માટે મોટા શહેરોમાં હોસ્ટેલની સુવિધા ઉભી કરવાની મંજુરી આપી દેવામાં આવી છે.

**ગાંધીનગર :-** ગુજરાત રાજ્યના ઝોન, રાજ્ય, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિકલાંગ રમતવીરોને જરૂરી મદદ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૪.૧૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. રાજ્યના વિકલાંગ એથલેટસ્ / રમતવીરો સ્થાનિક કક્ષાએ ભાગ લઈને ઝોન, રાજ્ય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામતા હોય છે અને ત્યારબાદ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પસંદગી પાત્ર ઠરે તેવી ક્ષમતા ધરાવતા હોય છે. આવા વિકલાંગ રમતવીરોને જરૂરી પ્રોત્સાહન મળી રહે અને તેઓ સ્થાનિક, જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃટ દેખાવ કરીને પોતાનું અને ગુજરાતનું ગૌરવ વધારી શકે તે હેતુથી તેઓને કોચ, રમતગમતનાં સાધનો, ટ્રેઈનીંગ, એસ્કોટ, ટ્રાવેલ, લોજિંગ, બોર્ડિંગ તેમજ અન્ય આનુષાંગિક સાધનોની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારે રૂા. ૧૪.૧૫ લાખની વહીવટી મંજુરી આપવામાં આવી છે, જે પૈકી સ્થાનિક, રાજ્ય, રાષ્ટ્રીય કક્ષા માટે રૂા. ૨,૩૫,૦૦૦ અને આંતરરાષ્ટ્રીય કક્ષા માટે રૂા. ૧૧,૮૦,૦૦૦ મંજુર કરાયા છે.

**ભાવનગર :-** પૂજ્ય બજરંગદાસ બાપા આશ્રમ દ્વારા શ્રી ખી.લ. બહાર મૂંગા શાળીની ૩૫ બધિર જિકરીઓને તેમજ અંધઉદ્યોગ શાળાની મોટી તમામ દિકરીઓને પૂજ્ય બાપાના સંવકો શ્રી હિંમતભાઈ તથા મહેન્દ્રસિંહના હસ્તે સંસ્થાના છાત્રાલયમાં રૂબરૂ આવી ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવેલ હતું.

**ભાવનગર :-** રાજકોટ વિરાણી બહેરા-મૂંગા શાળાની ૨૧ બધિર બાળકોની માતાઓ માટે બહેરા-મૂંગા શાળા, ભાવનગરમાં ત્રણ દિવસ માટેનો વર્કશોપ યોજાયો હતો. જે દરમ્યાન નિષ્ણાંતોનાં વક્તવ્યોનું આયોજન થયેલ હતું. "માતાઓનાં મુખેથી" પુસ્તિકા ભેટ અપાઈ હતી. આ માતાઓએ પી.એન.આર. સોસાયટી, નટરાજ કોલેજની પણ મુલાકાત લીધી હતી.